For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# આર્ટિફિશિયલ જ્વેલરી- ગિફ્ટ રિસ્ટ વોચની નિકાસમાં અંડરવેલ્યુએશનનું કૌભાંડ

**બેંગલુરુ** એર કાર્ગો કસ્ટમ્સે 20 લક્ઝરી ઘડિયાળ અને આર્ટિફિશિયલ જ્વેલરીના સુરતનાં 8 કન્સાઇન્મેન્ટ પકડી પાડ્યાં

**સુરતની** 6-6 કંપનીઓની સંડોવણી બહાર આવી, હવાલાના મોટા કૌભાંડની પણ આશંકા

સુરતઃ સુરતથી કુરિયર મારફત આર્ટિફિશિયલ જ્વેલરી અને ગિફ્ટ રિસ્ટ વોચ અંડર વેલ્યુએશન બતાવી એક્સપોર્ટ કરવાનું કૌભાંડ પકડાયું છે. બેંગલુરુ એર કાર્ગો કસ્ટમ્સની સ્પેશ્યલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચ દ્વારા 20 લક્ઝરી ઘડિયાળો અને આર્ટિફિશિયલ જ્વેલરીના 8 કન્સાઈન્મેન્ટ પકડી પાડ્યા છે. આ કૌભાંડમાં સુરતની 6 કંપનીઓની સંડોવણી બહાર આવી છે. આ કંપનીઓ દ્વારા અંડરવેલ્યુએશન થકી હવાલો કરવામાં આવી રહ્યો હોવાની પણ આશંકા છે.

બેંગલુરુ એર કાર્ગો કસ્ટમ્સની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ 'સુરતથી કુરિયર મારફતે વિદેશ મોકલવામાં આવેલા 'ગિફ્ટ રિસ્ટ વોચ' અને 'ગિફ્ટ આર્ટિફિશિયલ જ્વેલરી' તરીકે જાહેર કરાયેલા કેટલાક કન્સાઈન્મેન્ટમાં કસ્ટમ્સ વિભાગને મિસ મેચ ડિસક્લોઝર, નકલી લક્ઝરી ઘડિયાળો અને કિંમતી ધાતુની જ્વેલરી મળી હતી. જેમાં સુરતની છ પેઢી તેમજ તેના સંચાલકોના નામો જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલો સુરતથી બેંગલુરુ મારફતે કુરિયર એક્સપોર્ટ સાથે સંકળાયેલો છે. તપાસ દરમિયાન માલની જાહેર કરાયેલી કિંમત અને વાસ્તવિક આંકવામાં આવેલી કિંમત વચ્ચે મોટો તફાવત હોવાનું સામે આવ્યું હતું. દસ્તાવેજમાંફોનિક્સ કોમર્સ, શિવ ટ્રેડિંગ અને ટ્રેઝર હેવન સહિતની ફર્મોના નામ અલગ-અલગ HAWB સાથે જોડાયેલા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. બેંગલુરુ એરપોર્ટ એન્ડ એર કાર્ગો કમિશનરેટની SIIBને મળેલી બાતમીના આધારે કન્સાઈન્મેન્ટને સ્ટ્રિક્ટ હોલ્ડ પર મૂકવામાં આવ્યા હતા.

## 'ગિફ્ટ વોચ'ની ઇન્વોઇસ વેલ્યુ રૂ.36,610 દર્શાવી હતી, જ્યારે કસ્ટમ્સના વેલ્યુઅરે રૂ.5,15,200ની કિંમત આંકી

કસ્ટમ્સના Annexure-A મુજબ એક કેટેગરીમાં કુલ 20 રિસ્ટ વોચના કન્સાઇન્મેન્ટની તપાસ કરવામાં આવી હતી. દસ્તાવેજમાં આ ઘડિયાળો 'ગિફ્ટ રિસ્ટ વોચ' તરીકે જાહેર કરાઈ હોવાનું જણાવાયું છે.
જાહેર કરાયેલી કુલ ઇન્વોઇસ વેલ્યુ રૂ.36,610 હતી, જ્યારે કસ્ટમ્સના મંજૂર વેલ્યુઅર દ્વારા આ માલની કુલ કિંમત રૂ.5,15,200 આંકવામાં આવી હતી. તપાસમાં Audemars Piguet, Cartier, Rolex, Patek Philippe, Frank Muller Geneve, Panerai, IWC, G-Shock તથા અન્ય પ્રીમિયમ બ્રાન્ડના નામ દર્શાવવામાં આવ્યા છે. મેમોમાં આ ઘડિયાળોને 'counterfeit high-end luxury watches (First Copy)' તરીકે વર્ણવવામાં આવી છે.

## આર્ટિફિશિયલ જ્વેલરીમાં પણ મોટો તફાવત

બીજી કેટેગરીમાં 'ગિફ્ટ આર્ટિફિશિયલ જ્વેલરી' તરીકે જાહેર કરાયેલા 8 કન્સાઇન્મેન્ટનો સમાવેશ થાય છે. આ તમામ કન્સાઇન્મેન્ટની કુલ જાહેર કિંમત માત્ર રૂ.8,810 હતી, જ્યારે કસ્ટમ્સના વેલ્યુઅર મુજબ તેની કિંમત રૂ.6,29,636 આંકવામાં આવી છે. મેમો મુજબ તપાસ દરમિયાન 18 કેરેટ ગોલ્ડ, વ્હાઇટ ગોલ્ડ, સિલ્વર અને CVD ડાયમંડ સહિતની કિંમતી ધાતુની જ્વેલરી મળી હોવાનું જણાવાયું છે. એટલે જાહેર કરાયેલા 'આર્ટિફિશિયલ જ્વેલરી'ના વર્ણન અને તપાસમાં મળેલા માલ વચ્ચે નોંધપાત્ર તફાવત હોવાનું કસ્ટમ્સે નોંધ્યું છે.કુલ જાહેર કિંમત રૂ.45,420 સામે વેલ્યુઅરે આંકેલી કિંમત રૂ.11.44 લાખ નીકળી હતી.આ રીતે કસ્ટમ્સના દસ્તાવેજ પ્રમાણે જાહેર કરાયેલી કુલ કિંમત અને આંકવામાં આવેલી કિંમત વચ્ચે આશરે રૂ.10.99 લાખનો તફાવત છે.


## અંડર વેલ્યુએશન કૌભાંડમાં સુરતની કઇ પેઢીનાં નામ?

1). એમ/એસ. ફોનિક્સ કોમર્સ (2051 ઇન્ટરનેશનલ ફેશન માર્કેટ રાજમહેલ એસી.મોલ,સીતાનગર ચોકડી સુરત)
2). M/s ટ્રેઝર હેવાન 433 લક્ષ્મી એન્ક્લેવ 2, ગજેરા સ્કૂલ, કતારગામ, સુરત
3). M/s શિવ ટ્રેડિંગ,સિલ્વર બિઝનેસ પોઇન્ટ,વીઆઇપી સર્કલ,ઉતરાણ પાવર હાઉસ સુરત,
4). M/s પ્રાઈમ પેરાશૂટ (Prime Parachute,) 2 FL, 2053,ઇન્ટરનેશનલ ફેશન માર્કેટ પુણાગામ રોડ, સુરત
5). M/s Ivevar, (પ્રોપ્રાયટર તરીકે કોશિયા કિશોર અશોકભાઈ 420,સિલ્વર સ્ટોન આર્કેડ, સિંગણપોર કોઝવે રોડ કતારગામ, સુરત )
6). વિવેકકુમાર રાવજીભાઈ દેસાઈ, E 2093, સેન્ટ્રલ બજાર, વરાછા પોલીસ સ્ટેશન સામે, સુરત

---

Bharat Cancer Hospital
DNB Research & Teaching Institute
ISO 9001:2015 Certified Hospital

Shri Bhartimaiya Memorial Foundation
Nirali Memorial Radiation Centre



ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ ॥ ૐ શાંતિ ॥

**સ્વ. શ્રી મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા**

સેવાની એક અવિસ્મરણીય સફરનો અંત...

સ્વ. શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળા (પ્રમુખ શ્રી - ભરત કેન્સર હોસ્પિટલ) નું અવસાન અત્યંત દુઃખદ અને વ્યથાભર્યું છે. માનવસેવાને ઈશ્વરસેવા માનીને તેમણે હોસ્પિટલ, દર્દીઓ અને સમાજના હિત માટે આપેલું અમૂલ્ય યોગદાન હંમેશા સ્મરણમાં રહેશે. તેમની દૂરંદેશી વિચારસરણી, સેવાભાવ, સરળતા, કરુણા અને સંસ્થા પ્રત્યેનું અતૂટ સમર્પણ અનેક લોકો માટે પ્રેરણારૂપ રહેશે. તેમના નિધનથી અમે માત્ર એક વડીલ અને માર્ગદર્શક જ નહીં, પરંતુ સેવા અને માનવતાના એક મજબૂત આધારસ્તંભને ગુમાવ્યો છે.
તેમના દ્વારા પ્રગટાવેલ સેવા, સમર્પણ અને માનવતાનો દીપક હંમેશા પ્રજ્વલિત રહેશે.
પરમાત્મા દિવંગત આત્માને શાશ્વત શાંતિ અર્પે અને શોકસંતપ્ત પરિવારજનોને આ અપૂરણીય ક્ષતિ સહન કરવાની શક્તિ આપે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના અને ભાવભીની શ્રદ્ધાંજલિ.

ટ્રસ્ટી મંડળ:

ચેરમેન - ડૉ. શ્રી મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ
વાઈસ ચેરમેન - ડૉ. શ્રી ગિરીશભાઈ એચ. શાહ
સેક્રેટરી - શ્રી રસિકભાઈ ધીરજલાલ હાંસોટી
જોઈન્ટ સેક્રેટરી - શ્રીમતી ચંદ્રિકાબેન ભરતસિંહ મકવાણા
ટ્રેઝરર - શ્રી કનુભાઈ હરિલાલ શાહ
જોઈન્ટ ટ્રેઝરર - શ્રી રૂપેન્દ્રસિંહ ભરતસિંહ મકવાણા

ટ્રસ્ટી - શ્રી સેવંતીભાઈ પ્રેમચંદભાઈ શાહ
શ્રી ગોવિંદભાઇ લાલજીભાઈ ધોળકીયા
શ્રી ઠાકોરભાઈ ભૂલાભાઇ પટેલ
શ્રી ભરતભાઈ એમ. પટેલ
શ્રીમતી નલીનીબેન ભરતભાઈ પટેલ
શ્રી જીજ્ઞેશભાઈ અનિલભાઈ નાયક
શ્રીમતી રુચાબેન જીજ્ઞેશભાઈ નાયક

મેડિકલ ડિરેક્ટર - ડૉ. કે. એન. ભટ્ટ
HOD રેડિએશન થેરાપી - ડૉ. નિલેશ મહાલે
તથા સર્વ ડૉક્ટરો અને સમગ્ર હોસ્પિટલ સ્ટાફ

---

### આહિર અવસાન-બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય પિતાશ્રી **ગીરધરભાઈ દુર્લ્લભભાઈ આહિર** વિ.સં.૨૦૮૨ શ્રાવણ વદ ૧ ને શનિવાર, તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ પ્રદાન કરે એ જ પ્રાર્થના.

સ્વ.ગીરધરભાઈ દુર્લ્લભભાઈ આહિર
સ્વ.તા.૨૯/૦૮/૨૦૨૬

**સદ્‌ગતનું સંયુક્ત બેસણું**
તા.૩૧/૦૮/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૧:૦૦ થી સાંજે ૪:૦૦ કલાકે તેરાપંથ ભવન, બીજો માળ, ઉધના ગામ, સુરત રાખેલ છે.

લિ. મોહનભાઈ (મનોજભાઈ) ગીરધરભાઈ આહિર
પરેશભાઈ ગીરધરભાઈ આહિર | નિલ મનોજભાઈ આહિર
નિલેશભાઈ ગીરધરભાઈ આહિર | ધુમીત નિલેશભાઈ આહિર
વિરાંગ (વીની) પરેશભાઈ આહિર | આરવ નિલેશભાઈ આહિર
ધ્યેય પરેશભાઈ આહિર | જીયાન વિરાંગ આહિર
તથા સમસ્ત આહિર પરિવાર
શ્વસુર પક્ષ (ગામ : ઉંભેળ)
ગોવિંદભાઈ ઉકાભાઈ આહિર | ભરતભાઈ ઉકાભાઈ આહિર

---

### ॥ બેસણું ॥



**સ્વ.શ્રી જિતેન્દ્રકુમાર હીરાલાલ હાથીવાલા**
જન્મ તા.૦૯-૦૨-૧૯૪૮ સ્વ.તા.૨૮-૮-૨૦૨૬
તિથી : શ્રાવણ સુદ પૂનમ

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા પિતા **સ્વ.શ્રી જિતેન્દ્રકુમાર હીરાલાલ હાથીવાલા**નું દુઃખદ અવસાન તા.૨૮-૦૮-૨૦૨૬ શુક્રવારના દિવસે થયેલ છે.

: બેસણાનું સ્થળ :
એ-૫૦૩, બનવારી રેસિડેન્સી, એસ.ડી.જૈન કોલેજની સામે, વેસુ, સુરત-૩૯૫૦૦૭.
: બેસણાનો સમય :
૩૦-૦૮-૨૦૨૬ રવિવાર સવારે ૯.૦૦ થી ૧૦.૩૦

લિ. ગં.સ્વ. કિરણબેન હાથીવાલા-પત્ની
નેહા હાથીવાલા-પુત્રી
પૌલોમી ભરતકુમાર વાંઝા-પુત્રી
ભરત વાંઝા-જમાઈ
નિશાત વાંઝા
અરુણાભાઈ હાથીવાલા-ભાઈ
ભરતભાઈ હાથીવાલા-ભાઈ

---

### પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

" પૂજ્ય બા "



જીવનમાં પરિસ્થિતિઓ કેટલીય કઠિન આવી,
પણ અમારા માટે હંમેશા હિંમત બનીને ઊભી રહેતી જોઈ છે.
ઘરમાં દુઃખનાં વાદળો ઘણાં હતાં,
પણ અમારા માટે ચહેરા પર સ્મિત રાખતી જોઈ છે.
આંખોમાં ઊંઘ ઓછી હતી છતાં,
અમારા ભવિષ્યની ચિંતામાં રાતો જાગતી જોઈ છે.
પોતાના આંસુઓને ચૂપચાપ ગળી જઈ,
અમારા દરેક આંસુ પોંછતી જોઈ છે.
પાઈ પાઈ ભેગી કરીને,
અમારું આવતીકાલ રચતી જોઈ છે.
પોતાના શોખ, પોતાની ઈચ્છાઓ અને
પોતાના સપનાઓ રોકતી જોઈ છે.
તકલીફો ચારેય બાજુથી આવી હતી,
પણ હિંમત હાર્યા વગર એકલા હાથે લડતી જોઈ છે.
પિતાનો અભાવ અમને કદી સંપૂર્ણ રીતે
અનુભવવા દીધો નથી,
કારણ કે એકલી જ મા પણ બની અને પિતા પણ.
દુઃખે એને કેટલીય વાર તોડી હશે,
પણ અમને મજબૂત બનાવવા માટે ખુદને વારંવાર સંભાળતી જોઈ છે.
પોતાની આખી જીંદગી અમારી ખુશીઓ પાછળ વીતાવી દીધી,
પોતે કેટલું સહન કર્યું એ ક્યારેય કહ્યું નહીં,
બસ અમારું જીવન સારું બને એ માટે જીવતી રહી – એ જ તો મા છે.

**સ્વ.ચંપાબેન મોહનભાઈ પટેલ**
સ્વ.તા.૩૦/૦૮/૨૦૨૫

:: લિ. :: સ્વ.મોહનભાઈ કેશવભાઈ પટેલ
શર્મિલા – પરેશ એમ. પટેલ | રીના – પંકજ એમ. પટેલ
અરૂણા – રાજેશ એમ. પટેલ | પુજા – કનૈયા ડી. પટેલ
આશાબેન આર. પવાર
ચિ. જહિન, શીખા, નિષ્ઠા, હિતાંશુ, પ્રિયલ, વેદી, આરના, હર્ષિવ
નિવાસસ્થાન : મુ.પો. જુના મગદલ્લા, 'કેશવકુંજ', બાપુનગર, ડુમસ રોડ, સુરત.

---

### હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. બાલુભાઈ રવજીભાઈ આહીર**
સ્વ.તા. ૨૬/૦૮/૨૦૨૬

વટવૃક્ષ કેરો છાંયડો અમ પર સદાય રાખજો, તમે જ્યાં હો ત્યાં આનંદ-પરમાનંદની ઘડીઓ સદાય માણજો, તમારી યાદનાં તોરણ બંધાય અમારી આંખમાં, પથદર્શક બની હરદમ સ્વર્ગથી આશિષ વરસાવજો.
પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લિ. ધીરૂભાઈ બાલુભાઈ આહીર
હર્ષાબેન ધીરૂભાઈ આહીર
તથા સમસ્ત પરિવાર
રહેઠાણ : ૧૦૪, મહેર નગર, અડાજણ, સુરત.

---

### શ્રદ્ધાંજલિ



અમારા સ્વજન
શ્રી જીતુભાઈ વિજભુખણદાસ ચલીયાવાલા
તા. ૨૭.૦૮.૨૦૨૬ ને રોજ દેવલોક પામ્યા છે.
પ્રભુ સદ્‌ગત ના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

સ્વ. જીતુભાઈ વિજભુખણદાસ ચલીયાવાલા
સ્વ. તા. ૨૭.૦૮.૨૦૨૬

MORE
Vijbhukhandas & Bros.
Exclusive Saress
પરિવાર તથા સ્ટાફ
લાલગેટ,સુરત

---

### અશો યાદ



લેફ્ટનન્ટ કમાન્ડર
**ફિરદોશ ડી. મોગલ**
શૌર્યચક્ર (મરણોત્તર)
મરણ તા.30-08-2010

આપનું અશો રવાન પયગામ્બર જરથુસ્ત્રના અશો ફરોહર સાથે હમશરીક થાય એજ બંદગી.

લિ. મરહુમ ફરામજી પેસ્તનજી મોગલ
મરહુમ બહેરામજી પેસ્તનજી મોગલ
તથા મરહુમ જેમી ફરામજી મોગલના કુટુંબજનો
મોગલ મેન્શન
લેફ્ટ કમાન્ડર ફીરદેશ મોગલ માર્ગ, પારસી વાડ મહુવા, જી.સુરત

---

ભાવપૂર્ણ
### શ્રદ્ધાંજલી



યાદ તમારી અમારા જીવનની સરગમ છે,
દિવસોમાં નહિ તમે અમારી સાથે હરપળ છો,
એક ચેહરો જે સ્મૃતિમાંથી ભુલાય નહિ,
એક વ્યક્તિ જે ક્યારેય વિસરાય નહિ,
જેમનું નામ હૃદયમાં સતત ગુંજ્યા કરે છે
અને ફુલ બની આસપાસ મહેક્યા કરે,
પરમ કૃપાળુ પરમાત્મા તમારા
દિવ્ય આત્માને ચિર શાંતિ આપે
એજ પ્રાર્થના કરીએ.

**સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા**
સ્વ. તા. ૨૮.૦૮.૨૦૨૬

લિ.
જયંતિભાઈ કુધનાવાલા । સાયમન કોરેથ
મહેશ લાલા । સુરેશ તનેજા । મહેશ નેભુમલ
સુરેશ દેસાઈ । ગોવિંદ નારંગ । હિતેશ પટેલ (લાલુભાઈ)

---

### ભાવભીની શ્રદ્ધાંજલિ



**શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળા**
(ટ્રસ્ટી, શ્રી અંબિકા નિકેતન ટ્રસ્ટ)

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળાના દુઃખદ અવસાનથી અંબિકા નિકેતન ટ્રસ્ટ પરિવારે એક સેવાભાવી, નિષ્ઠાવાન અને સમર્પિત સાથી ગુમાવ્યા છે.

શ્રી મહેન્દ્રભાઈએ ટ્રસ્ટ સાથે જોડાઈને અંબિકાનિકેતનની સેવાકીય પ્રવૃત્તિઓ અને સમાજહિતનાં કાર્યોમાં હંમેશા સક્રિય યોગદાન આપ્યું હતું. ટ્રસ્ટના વિકાસ, સેવાકીય કાર્યો અને જરૂરિયાતમંદોની સેવા માટે તેમણે આપેલું માર્ગદર્શન, સહકાર અને સમર્પણ હંમેશા સ્મરણમાં રહેશે.

તેમનું નિધન ટ્રસ્ટ માટે એક મોટી ખોટ છે. તેમના સેવાભાવી જીવન અને સદાય યાદગાર યોગદાનને અંબિકાનિકેતન ટ્રસ્ટ પરિવાર હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પે છે.

પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અપૂરણીય દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના.

**શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ પરિવાર**

---

### ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા**
સ્વ. તા. ૨૮/૦૮/૨૦૨૬

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળાના દુઃખદ અવસાનથી અંબિકાનિકેતન ટ્રસ્ટ પરિવારે એક સેવાભાવી, નિષ્ઠાવાન અને સમર્પિત સાથી ગુમાવ્યા છે. તેમનું નિધન ટ્રસ્ટ માટે એક મોટી ખોટ છે. તેમના સેવાભાવી જીવન અને સદાય યાદગાર યોગદાનને અંબિકાનિકેતન ટ્રસ્ટ પરિવાર હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પે છે. પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અપૂરણીય દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના.

**શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટ**
શ્રીમતી ચંદ્રિકાબેન મકવાણા
ડૉ. ધનેશભાઈ વૈદ્ય
રૂપેન્દ્રસિંહ મકવાણા
ભાવનાબેન મકવાણા
રવિરાજસિંહ મકવાણા

**કે.પી.સંઘવી આઈ ઈન્સ્ટીટ્યુટ**
ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ (ડાયરેક્ટર)
ડૉ. ચેતનાબેન પટેલ (ઉપ.આચાર્યશ્રી- ઓપ્થો)
ડૉ. સર્વાનન એમ. (ઈન્ચાર્જ ડીન- ફિઝીયો.)
ડૉ. રોબીન અબ્રહામ (નર્સિંગ કોલેજ)

શ્રી ભારતીમૈયા કોલેજ ઓફ ઓપ્ટોમેટ્રી એન્ડ ફિઝીયોથેરાપી
શ્રી ભરતસિંહ ગેમલસિંહ મકવાણા કોલેજ ઓફ નર્સિંગ
આનંદધામ (વૃધ્ધાશ્રમ) તેમજ ભારતીમૈયા કેમ્પસ પરિવાર

---

### બીજી પૂણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ



હજુ જોઈતો હતો સંગાથ તમારો, તમો અમારાથી દુર થઈ ગયા, જગતની દરેક સમૃદ્ધિ મળશે પરંતુ કલ્પવૃક્ષ જેવી આપની છાયા ક્યાંય નહી મળે, પરમકૃપાળુ પરમેશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

**સ્વ. દમયંતિબેન હસમુખલાલ રોટલીવાલા**
સ્વ. તા. ૩૦/૦૮/૨૦૨૪, શુક્રવાર

લિ. સ્વ. રવિન્દ્રભાઈ હસમુખલાલ રોટલીવાલા
ગં.સ્વ. ઉષાબેન રવિન્દ્રભાઈ રોટલીવાલા
સ્વ. એલવીસ રવિન્દ્રભાઈ રોટલીવાલા
વિમલકુમાર રવિન્દ્રભાઈ રોટલીવાલા | જોશનાબેન કિષ્નવદન વખારીયા (પુત્રી)
ટીના વિમલકુમાર રોટલીવાલા | કિષ્નવદન વખારીયા (જમાઈ)
જયદેવ વિમલકુમાર રોટલીવાલા | મિનાક્ષી નિતીનકુમાર ગોનાવાલા (પુત્રી)
પ્રાર્થના વિમલકુમાર રોટલીવાલા | નિતીનભાઈ ગોનાવાલા (જમાઈ)

---

### પ્રાર્થના સભા




અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી **સુધા સુરેશચંદ્ર ચાર્દી તારીખ ૨૫/૦૮/૨૦૨૬, મંગળવાર**ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સદ્‌ગતની પ્રાર્થના સભા **તારીખ ૩૦/૦૮/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૧૧ થી ૧ કલાકે** રાખવામાં આવી છે.
**સ્થળ : જીવન વિકાસ ટ્રસ્ટ, કલાપી ગાર્ડનની સામે, ગુજરાત ગેસ કંપની પાસે, અડાજણ, સુરત.**

**સ્વ.સુધા સુરેશચંદ્ર ચાર્દી**
સ્વ. તા. ૨૫/૦૮/૨૦૨૬

લિ. સુધીર સુરેશચંદ્ર ચાર્દી (પુત્ર)
ભાવના સુધીર ચાર્દી (પુત્રવધુ)
આદીત્ય સુધીર ચાર્દી (પૌત્ર)
અનીકેત સુધીર ચાર્દી (પૌત્ર)
સંધ્યા કેતન ટોળે (પુત્રી)
કેતન મીલીંદ ટોળે (જમાઈ)
મો. નં. 98253-59209, 94263-62377

---

### શ્રધ્ધાંજલિ



સંસ્થામાં ૧૯૯૦ થી પ્રારંભ કરી આયુષ્ય અવધિના અંત..
તા.૨૮ ઓગષ્ટ ૨૦૨૬ સુધીની..
સેવા યાત્રાના પ્રભારી શ્રી મહેન્દ્રભાઈની, પૂજ્ય 'મા' તથા શ્રી જગુભાઈની વિદાય પછીની વિદાય
અમો સાથી મિત્રોને વધારે વસમી લાગી...
નેતૃત્વ અને કતૃત્વનું શ્રેષ્ઠ સંયોજન... એ તમારું અનોખું વ્યક્તિત્વ સાથે જ સેવાતત્પરતા, કર્તવ્યનિષ્ઠા, પારદર્શિતા, સૌની સાથે ચાલનારા... અને સ્વભાવે... સરળતા, નિખાલસતા, વિચાર, વાણી અને વર્તનમાં એકવાક્યતા
જેના વ્યક્તિત્વના પાયામાં હતા એવા સાચા કર્મયોગી તમે હતા.
આપના આ સર્વગુણ – લક્ષણોની ખોટ સાલે છે.
આપ તો અમરત્વને પામ્યા છો....
જીવનમાં સફળ થયા અને જીવનને સાર્થક પણ બનાવ્યું.
પરિવારે વડલાનો છાયો ખોયો...
સંસ્થાએ એક કાર્યરત રત્ન ખોયો...
સમાજે સાચા સેવક ખોયો...
મિત્રો અને સ્વજનોએ અંતરંગી સાથી ખોયો...
તમારી યાદ સતાવે છે.
શાશ્વત શાંતિની પ્રાપ્તિ થાઓ
એજ અમારી સૌની પ્રભુને પ્રાર્થના...

**સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા**
સ્વ. તા. ૨૮/૦૮/૨૦૨૬

ટ્રસ્ટી મંડળ
શ્રીમતી ચંદ્રિકાબેન બી. મકવાણા | શ્રી રસિકચંદ્ર ડી. હાંસોટી
ડૉ. શ્રી મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ | શ્રી કનુભાઈ એચ. શાહ
ડૉ. શ્રી ધનસુખભાઈ બી. શાહ | શ્રી સેવંતીભાઈ પી. શાહ
શ્રી ગોવિંદભાઈ એલ. ધોળકીયા | શ્રી કિર્તીભાઈ એચ. સંઘવી
શ્રી કિશોરભાઈ એચ. સંઘવી | શ્રી મનિષભાઈ એમ. કતારગામવાળા
શ્રી રૂપેન્દ્રસિંહ બી. મકવાણા | શ્રી નિતીનભાઈ કે. શાહ

**શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ (શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ)**
"શ્રી ભારતીમૈયા સ્મૃતિભવન" સગરામપુરા, લાલવાડી, રીંગરોડ, સુરત.

---

### ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા**
સ્વ. તા. ૨૮/૦૮/૨૦૨૬

**શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળા**ના અવસાનથી સરીતા સાગર સંકુલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, સભ્યો તેમજ કર્મચારીગણ શોકની લાગણી અનુભવે છે. સંસ્થાના કપરા અને પડકારજનક સમયમાં તેમણે પોતાની દૂરંદેશી, અનુભવ અને પરિપક્વ વિચારસરણીના આધારે સંસ્થા તથા સમાજના હિતમાં અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આગેવાની કરી હતી. તેઓશ્રીએ સંસ્થા માટે કરેલી સેવાઓને ટ્રસ્ટ પરિવાર હંમેશા આદરપૂર્વક યાદ રાખશે. તેઓશ્રી સંસ્થાના માજી અધ્યક્ષ તરીકે સંસ્થા સાથે ખૂબ જ આત્મીયતાથી જોડાયેલા રહ્યા હતા. સંસ્થાને આપની ખોટ હંમેશા રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લિ.
**ટ્રસ્ટીગણ અને પરિવાર – સરીતા સાગર સંકુલ ટ્રસ્ટ**

---

### ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેન્દ્રભાઈ નાથુભાઈ કતારગામવાળા**
સ્વ. તા. ૨૮/૦૮/૨૦૨૬

શ્રી અંબિકાનિકેતન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળાના દુઃખદ અવસાનથી અંબિકાનિકેતન ટ્રસ્ટ પરિવારે એક સેવાભાવી, નિષ્ઠાવાન અને સમર્પિત સાથી ગુમાવ્યા છે. તેમનું નિધન ટ્રસ્ટ માટે એક મોટી ખોટ છે. તેમના સેવાભાવી જીવન અને સદાય યાદગાર યોગદાનને અંબિકાનિકેતન ટ્રસ્ટ પરિવાર હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પે છે. પરમાત્મા દિવંગત આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અપૂરણીય દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના.

શ્રીમતી ચંદ્રિકાબેન મકવાણા | વિનયભાઈ અગ્રવાલ
શ્રીમતી ભારતીબેન ઝવેરી | રાકેશભાઈ કંસલ
કનુભાઈ શાહ | પ્રવિણભાઈ ખન્ના
રૂપેન્દ્રસિંહ મકવાણા | ડૉ. અખિલેશ નાયક (આચાર્યશ્રી)
રમેશભાઈ પટેલ | ભારતીમૈયા વિદ્યાસંકુલ પરિવાર

**શ્રી જ્ઞાનભારતી ટ્રસ્ટ**